મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૨૬ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૧૭ ખાણી-પીણીના હંગામી બજારમાં ૨૦-૨૫ લાખનો વેપાર

છેલ્લા પાંચ-સાત દિવસથી સિરામિક એકસ્પોમાં કામ કરતા કર્મચારીઓ-શ્રમિકોની મોટી સંખ્યાને પગલે હંગામી ખાણી પીણી બજાર ખડું થયું
દિવસની ચાર હજારની ચા અને ત્રણ હજારની પાણીની બોટલનો વકરો કરતા વેપારીઓ : નાસ્તા-ભોજનના વિતરકોને પણ તડાકો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં આવતીકાલથી વિશ્વનો સૌથી મોટો વાઈબ્રન્ટ સિરામિક એક્સ્પો ૨૦૧૭ પ્રારંભ થઈ રહ્યો છે. આ જાયન્ટ અકસ્પોના પગલે છેલ્લા એક સપ્તાહથી તેના આયોજકો તથા સ્ટોલ ધારકો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેના પગલે દિવસ-રાત હજારો કર્મચારીઓ તથા શ્રમિકો સે-૧૭ ખાતેના એકિઝબીશન હોલ સ્થળે કામ કરી રહ્યા છે. આટલી મોટી સંખ્યામાં બહારગામથી આવેલા કર્મચારીઓ તથા શ્રમિકોના પગલે સેકટર-૧૭માં એકિઝબીશન હોલ મેદાનના પ્રવેશદ્વાર સામેના હનુમાનજી મંદિરવાળા માર્ગે એક ખાણી પીણીનું હંગામી બજાર ખડું થઈ જવા પામ્યું છે. જેમાં પાણીના પાઉચથી માંડીને ચા-કૉફી, વિવિધ નાસ્તા અને ભોજન પીરસનારાઓને તડાકો પડી જવા પામ્યો છે. સિરામિક એકસ્પોમાં સ્ટોલ તથા અન્ય સુવિધાઓ ઉભી કરવામાં કાર્યરત ખાનગી કંપનીના કર્મચારીઓ તથા માલસામાનની હેરફેરથી માંડીને સ્થળ પર મજુરી કામ કરતા શ્રમજીવીઓની મોટી સંખ્યાને પગલે શહેરના ચાની કિટલીવાળાથી માંડીને ફુટની લારીવાળા, પકોડી-ચાટ વગેરેના ખૂમચાવાળા, દાબેલી-વડાપાઉંથી માંડીને છોલેપુરી, પરાઠા સબ્જી કે થેપલા-ભાજી પીરસતા ખાણી પીણીની લારીવાળાઓએ અડ્ડો જમાવ્યો છે. એકિઝબીશન હોલ મેદાન ખાતે એક્સ્પો ખડો કરવાનું કામ ૨૪ કલાક દિવસ રાત ચાલુ રહ્યું છે. જેને કારણે મોડી રાત્રિ સુધી ચા નાસ્તો પીરસ્તા લારી ખૂમચાવાળાઓએ છેલ્લા સપ્તાહમાં ખૂબ મોટો વકરો અંકે કર્યો છે. સિરામિક અક્સ્પોનો લાભ શહેરના ખાણીપીણીના વેપારીઓએ ભરપૂર રીતે ઉઠાવ્યો છે. વળી, આ હંગામી બજારમાં એક્સ્પોમાં સતત કામ કરતા કર્મચારીઓ-શ્રમિકોના પગલે પીવાના પાણીની પણ ખૂબ માંગ સર્જાવા પામી રહી છે. જેને પગલે પાણીના ઠંડા પાઉચ તથા પીવાના મિનરલ પાણીની બોટલ વેચતા વિતરકોએ પણ સારો એવો વકરો કરી લીધો છે. નામ નહીં લખવાની શરતો એક પાણીની બૉટલ વેચતા વેપારીએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ દિવસમાં તેમણે સરેરાસ રોજનો રૂ. ૩ હજારનો વકરો કર્યો છે જયારે એક ચાની લારી વાળાએ રોજની સરેરાશ રૂ. ૪ હજારની ચા-કૉફી વેચી વકરો કર્યો હોવાનું જણાવ્યું હતું. આ હંગામી બજારમાં આશરે ૮૦થી વધુ લારી-ખૂમચાવાળા જોવા મળ્યા હતા અને નાસ્તો પીરસતા લારીવાળાઓએ સરેરાશ રોજનો પાંચેક હજારનો વકરો કર્યો હોવાનું જણાવ્યું હતું. આમ જોતા છેલ્લા પાંચ દિવસમાં અંદાજે આ હંગામી બજારમાં રોજના ચારેક લાખના વેપારની સરેરાશે રૂ. ૨૦ લાખથી વધુનો વેપાર થયો હોવાનો અંદાજ છે. આમ, વાઈબ્રન્ટ સિરામિક એકસ્પોના પગલે શહેરના ખાણી પીણીના શ્રમજીવીઓને એક સપ્તાહમાં સારી એવી રોજગારી પ્રાપ્ત થઈ હોવાનું જણાઈ રહ્યું છે.

@ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળના ઉપક્રમે લઘુરૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે યતિન્દ્રભાઈ કે. ભટ્ટ પ્લોટ નં. ૫૯૯/૧, સે-૭-બી ખાતે યોજાશે.

● જલારામ સેવા સમાજ દ્વારા જલારામ મંદિરના ૨૨મા પાટોત્સવની ઉજવણી કરાશે. જેમાં સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે મૂર્તિ પૂજા અને ૧૨ કલાકે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે.

વાતવાતમાં

● સે-૧૭માં યોજાઈ રહેલા સિરામિક એકસ્પોની તૈયારીઓ દરમિયાન એકિઝબીશન સેન્ટર ખાતેના શૌચાલય માત્ર સરકારી અને આયોજક તથા સ્ટોલધારક કંપનીઓના અધિકારીઓ માટે જ ઉપયોગમાં લઈ શ્રમિકો માટે તાળા મારી બંધ રખાતા એક્સ્પોમાં કામ કરતા શ્રમિકોએ સચિવાલયની ઝાડીઓમાં ખુલ્લામાં શૌચાલય જવાનો વારો આવ્યો હતો. આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં લઈ મ્યુનિસિલ કમિશનરે તાત્કાલિક સેનેટરી ઈન્સ્પેકશન ટીમને મોકલી શૌચાલયો ખોલી દેવા સૂચના આપી હતી.

લાયોનેસ કલબ દ્વારા બાળ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

લાયોનેસ અને લિયો કલબ ઑફ ગાંધીનગર દ્વારા સેકટર-૧૩ની નંદનવન આશ્રમ શાળામાં બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નંદનવન આશ્રમ શાળાના બાળકોએ ચાચા નહેરુ વિષે વકતવ્ય અને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો છે. આ સમગ્ર કાર્યક્રમમાં આચાર્ય યોગેશભાઈ દરજીએ સુંદર સાથ અને સહકાર આપ્યો હતો. શાળાના બાળકોને ત્યારબાદ સ્ટેશનરી કિટ અને ભોજન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ મિનાક્ષી જયસિંઘાની, લિયો પ્રમુખ મૌલિક પ્રજાપતિ, એરિયા અવેરનેશ ચંદાબેન યાદવ, કથન ત્રિવેદી અને મોટી સંખ્યામાં લાયોનેસ અને લિયો સભ્યો જોડાયા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દહેજ માંગીને ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરિયાદ

પતિ અને સાસુ-સસરા સહિત નવ વ્યકિતઓ સામે પરિણીતાઓ નોંધાવી પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૨૧ ખાતે સરકારી કવાટર્સમાં રહેતી પરિણીતાએ તેણીના પતિ અને સાસુ-સસરા સહિત ૯ સાસરીયા સામે સે-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. લગ્નના એક અઠવાડીયા બાદથી સાસરીયાઓ દહેજની માંગણી કરીને મારી નાંખવાની ધમકી આપી શારિરીક માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ આધારે સે-૨૧ પોલિસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સે-૨૧, જ ટાઈપ બ્લોક નં. ૬૨/૧૪ ખાતે રહેતી પરિણીતા શિજલબેન મેહુલભાઈ બારોટે સે-૨૧ પોલિસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ સાસરીના સભ્યો મળીને તેણીને શારિરીક માનસિક ત્રાસ આપે છે. ફેબ્રુઆરી માસમાં લગ્ન થયા તેના અઠવાડીયા બાદથી સાસરીયાઓ દહેજ માંગે છે અને દહેજ નહી આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્રાસ આપે છે. પરિણીતાને ફરિયાદ આધારે સે-૨૧ પોલિસે પતિ મેહુલ નવીનભાઈ બારોટ, સાસુ ગીતાબેન નવીનભાઈ બારોટ, સસરા નવીનભાઈ જીવરામભાઈ બારોટ, નણંદ મનીષાબેન મિથુનભાઈ બારોટ, નણંદોઈ મીથુનભાઈ વિનોદભાઈ બારોટ, નણંદ પીનલબેન દિક્ષીતભાઈ બારોટ, નણંદોઈ દિક્ષીતભાઈ રાજેશભાઈ બારોટ, નણંદ કોમલબેન હાર્દિકભાઈ બારોટ અને કાકા-સસરા અમરતભાઈ જીવનરામભાઈ બારોટ મળીને સાસરીના નવ સભ્યો સામે ફરિયાદ નોંધી તપાસનો દૌર શરુ કર્યો છે.

માઉન્ટ કાર્મેલ શાળામાં ચિલ્ડ્રન્સ ડે ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં તા.૧૪ નવેમ્બરના રોજ ચિલ્ડ્રન્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકો દ્વારા અવનવા કાર્યક્રમો પ્રસ્તુત કરી વિદ્યાર્થીઓને આનંદીત કર્યા હતા. તેમજ શિક્ષકોએ ચાચા નેહરુનો વેશ ધારણ કરી બાળકોનું મોઢું મીઠું કરાવ્યું હતુ. આ સંપૂર્ણ કાર્યક્રમ સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ આનંદમય રીતે સંપન્ન થયો હતો.

જેનરિક દવા ન મળતા પ્રધાનમંત્રી દીન દયાળ સ્ટોર્સને તાળા લટકશે

ગાંધીનગરના સે-૨૧ અને સે-૬ તેમજ ગુજરાતમાં ૮૦ જેટલા પ્રધાનમંત્રી જેનરિક દવાના સ્ટોરોમાં દવા ઉપલબ્ધ નથી. આ અંગે કચેરીમાં તેમજ કંપની જે દવા આપે છે તેઓને સંખ્યાબંધ દવાઓ માટે ઈમેઈલથી જાણ કરેલ છે. નિયમિત પેમેન્ટ કરેલ છે તેમ છતાં દવાઓ મળતી નથી. હેલ્પલાઈનમાં તથા એચ.એચ.એલ. કંપનીના ફોનમાં જણાવે છે કે દવા ઉપલબ્ધ નથી જેથી રાજયભરના જેનરિક સ્ટોર બંધ કરવામાં આવશે.

હાલમાં જેનરિક દવાના સ્ટોરોમાં બિલકુલ દવા નથી. દવા નહિ હોવાથી દર્દીઓ દવા વિના પાછા જાય છે. છેલ્લા ચાર માસથી જેનરિક દવાના સ્ટોર નુકશાનથી ચાલે છે. જેનરિક દવાઓ તાત્કાલિક ઉપલબ્ધ થાય તેમ સત્તાવાળાઓએ વ્યવસ્થા કરવાની જરુર છે. આ અંગે આરોગ્ય સચિવશ્રીને રજુઆત કરવામાં આવી છે.

એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રમજીવીઓને તહેવારોમાં મિઠાઈ વિતરણ

ગાંધીનગર, તા.૧૫

એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરમાં ફુટપાથની બાજુમાં તાડપત્રી નીચે રહેતા શ્રમજીવીઓના કુટુંબોને દિવાળીથી દેવદિવાળી સુધીના દિવસોમાં મિઠાઈની વહેંચણી કરવામાં આવી હતી. બધામાં ભગવાનનો વાસ છે એવી શુભ ભાવના સાથે આ કાર્ય કરવામાં આવ્યું હતું. તહેવારોમાં બાળકોને મિઠાઈ મળતા બાળકોએ ખુશીનો અનુભવ વ્યકત કર્યો હતો. સે-૧, ૮ તથા સે-૨૨ના વિસ્તારમાં આ કાર્ય કરવામાં આવ્યું હતું.

સિવિલમાં મેલેરીયાના દર્દીઓ ગત વર્ષ કરતા વધુ નોંધાયા

ગાંધીનગર, તા.૧૫

દિવાળી બાદ આ વર્ષે મચ્છરજન્ય રોગચાળાના દર્દીઓનો ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. તંત્ર મચ્છરજન્ય મેલેરીયાના દર્દીઓનો ઘટાડો થઈ રહ્યો હોવાનો તંત્ર દાવો કરી રહ્યું છે ત્યારે ગત વર્ષની સરખામણીમાં સિવિલમાં મેલેરીયાના ત્રણ ગણા કેસ નોંધાયા છે. ઉપરાંત ચિકનગુનિયાના પણ ચાર પોઝીટીવ કેસ મળી આવ્યા છે. ત્યારે ડેન્ગ્યુ અને મેલેરીયા બાદ હવે ચિકનગુનિયાનો રોગચાળો શહેર અને જિલ્લામાં ફેલાય તેની આશંકા સેવાઈ રહી છે. ત્યારે ગાંધીનગર શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કુતરાએ બચકા ભર્યાના બનાવ પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે.

વરસાદી સિઝનના પ્રારંભે જ ગાંધીનગર શહેર અને જિલ્લા આરોગ્ય વિભાગે મચ્છરજન્ય રોગચાળો ફેલાય નહી તે માટેની એકશન પ્લાન તૈયાર કર્યો હતો અને તેના પ્રમાણે પોરાનાશક નાશકની કામગીરી પણ કરવામાં આવી હતી. રાજયવ્યાપી અભિયાનમાં ગાંધીનગર શહેર અને જિલ્લાના તમામ ઘરોમાં સર્ચ ઓપરેશન કરીને તેનો નાશ કરવાની સાથે સાથે જાગૃતિ અભિયાન પણ છેડવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેરમાં કોઈ પણ સ્થળે મેલેરીયા, ડેન્ગ્યુ કે ચિકન ગુનિયાના રોગને કારણે મૃત્યુના કોઈ સમાચાર સાંપડયા નથી. પરંતુ તેની સામે જે ઘટાડો જોઈએ તે ઘટાડો થયો નથી પણ ડેન્ગ્યુના કેસમાં વધારો થાય છે. ગાંધીનગર સિવિલમાં પોઝીટીવ દર્દીઓની યાદી જોઈને સ્પષ્ટ જણાઈ આવે છે. ત્યારે આગામી દિવસોમાં ડેન્ગ્યુના કેસ વધશે તેવી પણ માહિતી તબિબિ સુત્રો પાસેથી મળી રહી છે. શહેરમાં વાહકજન્ય અને પાણી જન્ય રોગાચાળાની સાથે સાથે શ્વાન કરડવાના કિસ્સામાં પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. નાના બાળક તેમજ મહિલાઓ ઘરમાંથી બહાર નીકળતા પણ ડર અનુભવી રહ્યા છે. ગાંધીનગર સિવિલના વર્ષ ૨૦૧૬માં આ માસના બીજા સપ્તાહમાં મેલેરીયાના માત્ર છ કેસ હતા. જયારે તા. ૬ થી ૧૨ નવેમ્બર દરમિયાન મેલેરીયાના ૨૨ કેસ મળી આવ્યા છે. જેથી મેલેરીયાના દર્દીઓમાં ત્રણ ગણો વધારો કહી શકાય. જેને પગલે કહી શકાય કે શહેરી વિસ્તારમાં વાહકજન્ય રોગચાળામાં વધારો થવા પામ્યો છે. ડેન્ગ્યુ, મેલેરીયા, ઝાડા-ઉલ્ટી, કમળા, સંપર્દશ, કુતરા કરડવાના, વાઈરલ ફીવરના દર્દીઓ સહિત ચિકનગુનિયાના પણ પોઝીટીવ દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે.

ડેન્ગ્યુ, મેલેરીયા, ઝાડા-ઉલ્ટી, કમળા, સંપર્દશ, કુતરા કરડવાના, વાઈરલ ફીવરના દર્દીઓ સહિત ચિકનગુનિયાના પણ પોઝીટીવ દર્દીઓ નોંધાયા

ખેલ મહાકુંભ માટે જિલ્લાના ૧૦૪ માનસિક વિશિષ્ટ રમતવીરની ફોજ

હિંમતનગર ખાતે આજથી પ્રારંભ થતી રાજયકક્ષાની સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લાની અત્યાર સુધીની સૌથી મોટી ટીમ

ગાંધીનગર, તા.૧૫

ખેલ મહાકુંભમાં માનસિક વિશિષ્ટ ખેલાડીઓ માટે તા. ૧૬મીથી તા.૧૯મી નવેમ્બર દરમિયાન હિંમતનગર ખાતે યોજાનાર રાજકક્ષાની સ્પર્ધાઓ માટે ગાંધીનગર જિલ્લાના ૧૦૪ વિશિષ્ટ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ખેલ મહાકુંભના ઈતિહાસમાં અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાની આ સૌથી મોટી ટીમ છે જે સમગ્ર જિલ્લા માટે ગૌરવપ્રદ બાબત છે. આ ટીમમાં ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાના ખેલાડીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાના આ ૧૦૪ વિશિષ્ટ રમતવીરો ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની રમતોમાં વિજેતા બનેલા છે અને હિંમતનગર ખાતે આવતીકાલથી યોજાઈ રહેલી રાજયકક્ષાની સ્પર્ધામાં તેઓ એથ્લેટિકસ, ક્રિકેટ, હેન્ડબોલ, ફુટબોલ, બેડમન્ટન, ટેબલ ટેનિસ અને બોચી રમતમાં ભાગ લેશે. તમામ રમતોના પુરુષ અને મહિલા બંને કેટેગરીમાં તમામ એજ ગૃપનો સમાવેશ થાય છે. આ ખેલાડીઓ મુખ્ય કોચ તથા ટીમ મેનેજર જીગ્નેશ રાવલ તથા અન્ય વિશિષ્ટ શિક્ષકોના માર્ગદર્શનમાં તાલીમ પામી ભાગ લઈ રહ્યા છે. તમામ વિશિષ્ટ ખેલાડીઓને જિલ્લા મુખ્ય રમતગમત અધિકારી વી.બી. દત્તાએ શુભકામનાઓ પાઠવી છે.

અરવિંદ કેન્દ્રમાં 'પ્રભુમય જીવન' પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૧૫

શ્રી અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે તા. ૧૭-૧૮-૧૯મી નવેમ્બરના રોજ સાંજે છ થી સાડા સાત સુધી 'પ્રભુમય જીવન' વિષય પર વ્યાખ્યાન માળા મહર્ષિ શ્રી અરવિંદ અને પૂજય માતાજીના સાધક તેમજ જાણીતા વકતા પ્રો.સુ.શ્રી જયોતિબેન થાનકી આપશે. રસ ધરાવનાર નાગિરકોને વ્યાખ્યાનમાળાનો લાભ લેવા ચેરમેન ડૉ. સી.કે. તન્નાએ જણાવ્યું છે.

જાતિનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલી દૂર કરવા પર પ્રાંતિય ઓબીસી સમાજની માંગ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજયમાં નિવાસ કરતા આશરે ૮૦ લાખથી વધુ પર પ્રાંતિયો જેમાં સૌથી વધુ ઓબીસી સમાજના નાગરિકો છે જેમને રાજયમાં જાતિનું પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. ગુજરાત સરકારે ઓબીસી જાતિના પ્રમાણપત્ર માટે તા. ૧લી એપ્રિલ ૧૯૭૮મે કટ ઓફ ડેટ તરીકે નક્કી કરેલ હોઈ બાકીના પર પ્રાંતિયો માટે જાતિનું પ્રમાણપત્ર મળવવામાં ભારે તકલીફ પડી રહી છે. જેના કારણે તેમની નવી પેઢીનું ભાવિપણ અંધકારમય જણાઈ રહ્યું છે. આ સમસ્યાને પગલે ગાંધીનગરના કોબા ખાતેના ભાજપ કાર્યાલય કમલમ ખાતે પર પ્રાંતિય ઓબીસી સમાજના એક પ્રતિનિધિ મંડળે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તથા ભાજપ અગ્રણી દત્તાજીની મુલાકાત કરી દસ વર્ષથી વધુ સમયથી ગુજરાતમાં વસતા પર પ્રાંતિયોને તેના આધારે જાતિનું પ્રમાણપત્ર આપવા રજુઆત કરી હતી.

છેલ્લા ૧૫ વર્ષથી પર પ્રાંતિયોના ઓબીસી સમાજ માટે આ મુદ્દે લડત ચલાવી રહેલા તુલસીભાઈ માલી તથા ચુનીલાલ પ્રજાપતિ જેમણે અત્યાર સુધીમાં લગભગ તમામ મુખ્યમંત્રીને રજુઆતો કરી છે અને તેમના બાળકોનું ભવિષ્ય ના બગડે તે હેતુથી નિર્ણય લેવા વિનંતી કરી છે. આ પ્રતિનિધિ મંડળમાં ભાજપના અમદાવાદ વિભાગના ઓબીસી પ્રવાસી મોરચાના સંયોજક પુખરાજ પ્રજાપતિ, ભાજપ યુવા મોરચા સિરોહી પ્રવાસી અમદાવાદ જિલ્લાના અધ્યક્ષ પ્રકાશભાઈ પ્રજાપતિ, હરીશભાઈ સિસોદિયા, પ્રકાશભાઈ, કન્હૈયાલાલ પ્રજાપતિ, નટવરલાલ પ્રજાપતિ, મુન્નાલાલ ગુપ્તા તથા ટી.એન. રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પાટનગરના ખુલ્લા માર્ગો પર બાઈકર્સનો આતંક

મોકળા માર્ગોને રેસીંગ ટ્રેક સમજી બેઠલા નબીરાઓ સામે કોઈ કાર્યવાહી ન થતા આક્રોશ : બેફામ બનેલુ રેસીંગ કલ્ચર જોખમરૂપ

ગાંધીનગર, તા.૧૫

રાજયના પાટનગર ગાંધીનગરના ખુલ્લા-મોકળા માર્ગો હવે બાઈકર્સ ગેંગ માટે જાણે રેસીંગ ટ્રેક બની ગયા હોય તેવો અનુભવ શહેરીજનોને થઈ રહ્યો છે. માર્ગો પર કોઈ પણ સમયે બેફામ રેસીંગ કરતા બાઈકર્સ બેલગામ થઈ ગયા છે. તેની સામે પોલિસ પણ કોઈ કડક કાર્યવાહી નહી કરતી હોવાથી નગરજનોમાં આક્રોશ છે. ધૂમ ગતિએ રેસ લગાવતા બાઈકર્સ કયારેક મોટો અકસ્માત નોંતરશે તેમાં કોઈ બે મત નથી.

શહેરના મુખ્ય માર્ગો પર અકસ્માતોનું પ્રમાણ વધી ગયું છે ત્યારે હવે જીવલેણ અકસ્માતોનો ગ્રાફ પણ ઊંચકાયો છે. શહેરના ખુલ્લા માર્ગો પર માર્ગ અકસ્માતો ઘટાડવાની દિશા તરફ કોઈ ધ્યાન ટ્રાફીક પોલિસ દ્વારા આપવામાં આવતું નથી. ત્યાં સુધી તો ઠીક પરંતુ હવે તો ધૂમ સ્પીડે મુખ્ય માર્ગો પર બેફમ ફરતા બાઈકર્સનો પણ આતંક વધી ગયો છે. પરંતુ પોલિસ મુક પ્રેક્ષક બની ગઈ છે. શહેરના માર્ગો જાણે રેસીંગ ટ્રેક બની ગયા હોય તેમ રોજે રોજ માર્ગો પર નબીરાઓ બાઈક રેસ લગાવી અવનવા જોખમી કરતબો કરતા નજરે ચઢે છે. આ કરતબો કરતા બાઈકર્સ બીજા રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમરૂપ બની ગયા છે. નિર્દોષ વ્યકિતને અડફેટે લઈ આ રેસર ગેંગ ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જે તો નવાઈ નહીં. હવે આ બેલગામ બનેલા બાઈકર્સને પોલિસ નિયંત્રણમાં લેવા કડક કાર્યવાહી કરે છે કેમ તે જોવું રહ્યું?

ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રકુમાર મણીશંકર શુકલ, ઉ.વ. ૭૯
- સ્વ. ચૌહાણ કાન્તિલાલ જીવાભાઈ, ઉ.વ. ૯૩
- સ્વ. સોલંકી આશીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૯
- સ્વ. દામાજીરાવ, પીરાજીરાવ ગાયકવાડ, ઉ.વ. ૭૭
- સ્વ. આતાજી જવાનજી સોલંકી, ઉ.વ. ૫૫
- સ્વ. સુધાકરભાઈ વિઠ્ઠલપ્રસાદ ભટ્ટ, ઉ.વ. ૭૮
- સ્વ. ભેમાજી હરીજી બિહોલા, ઉ.વ. ૫૬